# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-07-2024** **Midday : 1.20 to 1.30**
**Day : Sunday** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

****************************************************

- વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે પડકારજનક વૈશ્વિક સ્થિતિમાં ક્વાડ પ્લેટફોર્મ સહકાર અને ભાગીદારીનું સૌથી મોટું ઉદાહરણ છે
- સીબીઆઇએ દિલ્હી શરાબ નીતિ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સહિતનાં આરોપીઓ વિરુધ્ધ આરોપનામુ દાખલ કર્યું
- દિલ્હીમાં કોચિંગ સેન્ટર દુર્ઘટનામાં પોલિસે ભોંયરાના માલિક સહિત વધુ પાંચની ધરપકડ કરી
- શિક્ષણ મંત્રાલય આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિની ચોથી વર્ષગાંઠની ઉજવણી કરશે
- આગામી પાંચ દિવસ દરમિયાન હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને પૂર્વ રાજસ્થાનમાં હળવાથી મધ્યમ વરસાદની હવામાન ખાતાની આગાહી
- પેરિસ ઓલિમ્પિક્સમાં આજે 10 મીટર એર રાઇફલમાં ભારતીય નિશાનેબાજ રમિતા જિન્દાલ અને અર્જુન બબુતા પર ચંદ્રકની આશા, જ્યારે હોકીમાં આર્જેન્ટીના સામે મુકાબલો

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

JAISHANKAR-QUAD

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે આજનો સમય વિશ્વમાં સ્થિરતા, સુરક્ષા, પ્રગતિ અને સમૃદ્ધિના સંદર્ભમાં પડકારોથી ભરેલો છે અને તેથી વિશ્વાસપાત્ર ભાગીદારી અને આંતરરાષ્ટ્રીય સહયોગ વધુ જરૂરી બન્યો છે. તેમણે કહ્યું કે ક્વાડ પ્લેટફોર્મ આજે આસહકાર અને ભાગીદારીનું સૌથી મોટું ઉદાહરણ છે. ટોક્યોમાં ક્વાડ વિદેશમંત્રીઓની બેઠક બાદ મીડિયા સાથેવાત કરતા ડૉ. જયશંકરે સંતોષ વ્યક્ત કર્યો કે ક્વાડ વિદેશ નીતિઓ વિશે ખૂબ ઊંડાણપૂર્વક વિચાર કરી રહ્યું છે. તેમણે કહ્યું કે આજની બેઠક નવી દિશા આપવામાં ઘણી મદદરૂપ થશે.

વિદેશ મંત્રીએ કહ્યું કે ક્વાડ સભ્ય દેશોના નેતાઓએ વ્યક્તિગત રીતે આ પ્લેટફોર્મના વિકાસને આગળ વધાર્યો છે. ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે ક્વાડ વિશ્વસનીય ટેલિકોમ્યુનિકેશન્સ અને મેરીટાઇમ કેબલ કનેક્ટિવિટીથી લઈને માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત સુધીના ક્ષેત્રોમાં કામ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે સભ્ય દેશો વચ્ચે ક્વાડના સંસાધનો અને સંકલન વધારવા પર વિચાર કરવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે આજે જાપાનના ટોક્યોમાં ક્વાડના વિદેશ મંત્રીઓની બેઠક યોજાઈ હતી જેમાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર ઉપરાંત જાપાન, અમેરિકા અને ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રીઓએ ભાગ લીધો હતો.

## LIQUOR POLICY CASE

કેન્દ્રીય તપાસ સંસ્થા-સીબીઆઇએ દિલ્હી શરાબ નીતિ કેસ સાથે સંકળાયેલા ભ્રષ્ટાચારના કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સહિતનાં આરોપીઓ વિરુધ્ધ વિશેષ અદાલતમાં આરોપનામુ દાખલ કર્યું છે. દિલ્હી હાઇકોર્ટ આજે કેજરીવાલની જામીન અરજી પર સુનાવણી કરશે.

ઉલ્લેખનીય છે કે પ્રવર્તન નિદેશાલય-ઇડી અગાઉ મનીલોન્ડરિંગ કેસમાં આરોપનામું દાખલ કરી ચૂકી છે, જેમાં આમ આદમી પાર્ટી અને તેનાં રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલને આરોપી બનાવવામાં આવ્યા છે.12 જુલાઇએ સર્વોચ્ચ અદાલતે

કેજરીવાલને ઇડીનાં કેસમાં વચગાળાના જામીન પર મુક્ત કરવા આદેશ આપ્યો હતો. જો કે, સીબીઆઇ દ્વારા તેમની ધરપકડ કરાયા બાદ તેઓ જેલમાંથી મુક્ત થઈ શક્યા નથી

## DELHI-POLICE- RS-COACHING

દિલ્હી પોલીસે IAS કોચિંગ સેન્ટરની ઘટનામાં વધુ પાંચ લોકોની ધરપકડ કરી છે જેમાં ભોંયરાના માલિકો અને બિલ્ડિંગના ગેટને નુકસાન પહોંચાડનાર વ્યક્તિનો સમાવેશ થાય છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, અત્યાર સુધીમાં સાત લોકોની ધરપકડ કરવામાં આવી છે.

દિલ્હી પોલીસે કહ્યું કે, તે આ કેસમાં સામેલ તમામ લોકો સામે કડક કાર્યવાહી સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે. ડીસીપી એમ હર્ષવર્ધનનું કહેવું છે કે, તમામ બાજુથી તપાસ ચાલી રહી છે.///રાજ્યસભાના ઉપસભાપતિ જગદીપ ધનખડે કહ્યું છે કે કોચિંગ વર્ચ્યુઅલ કોમર્સ બની ગયું છે.

આજે સવારે જ્યારે ઉપલા ગૃહની બેઠક મળી ત્યારે શ્રીધનખડે દિલ્હીના કોચિંગ સેન્ટરમાં UPSC ઉમેદવારોના ડૂબી જવાથી થયેલા મૃત્યુનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જ્યારે પણ તેઓ અખબાર વાંચે છે ત્યારે આગળના એક કે બે પાના કોચિંગ સેન્ટરની જાહેરાતોના હોય છે. તેમણે કહ્યું કે, તેઓ આ મુદ્દા પર ટૂંકા ગાળાની ચર્ચા અથવા ધ્યાન ખેંચવા યોગ્ય માને છે. વધુમાં કહ્યું હતું કે તેઓ આ મુદ્દે તેમની ચેમ્બરમાં તમામ પક્ષોના નેતાઓ સાથે બેઠક કરશે.

## EDUCATION- NEP

શિક્ષણ મંત્રાલય આજે નવી દિલ્હીમાં માણેકશા સેન્ટર ઓડિટોરિયમમાં અખિલ ભારતીય શિક્ષા સમાગમ ABSS, 2024 સાથે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના અમલીકરણની ચોથી વર્ષગાંઠની ઉજવણી કરશે. આ પ્રસંગે, કેન્દ્રીય શિક્ષણમંત્રી,

ધર્મેન્દ્ર પ્રધાન NEP- 2020ના અમલીકરણને આગળ વધારવાના પ્રયાસ અંગે પોતાનો અનુભવ રજૂ કરશે.

શ્રી પ્રધાન વિવિધ ભારતીય ભાષાઓ શીખવાની સુવિધા માટે સમર્પિત ટેલિવિઝન માધ્યમો સહિત શિક્ષણ વિભાગની કેટલીક મહત્વપૂર્ણ પહેલનું પણ ઉદ્ઘાટન કરશે. શાળાઓમાં મનોરંજક, તણાવમુક્ત શિક્ષણ અંગેના અભિગમ અંગે પણ ચર્ચા કરાશે.

શ્રી પ્રધાન વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે ભારતીય જ્ઞાન પ્રણાલીને પ્રોત્સાહિત કરવાના હેતુથી અનેક પુસ્તકો અને વ્યાખ્યાનનોંધનું પણ અનાવરણ કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

. . . . . . . . . . . . . . .

## TIGER-DAY.RTF

આજે આંતરરાષ્ટ્રીય વાઘ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય વાઘના કુદરતી રહેઠાણોના રક્ષણ માટે વૈશ્વિક વ્યવસ્થાને પ્રોત્સાહન આપવાનો અને વાઘ સંરક્ષણ અંગે જાગૃતિ અને સમર્થન વધારવાનો છે. વિશ્વ વન્ય જીવન સંસ્થા મુજબ ભારતમાં વાઘની વસ્તી હાલમાં સ્થિર છે અને વધી રહી છે.

## SUPREME COURT

સર્વોચ્ચ અદાલત તેનાં અમૃત મહોત્સવ નિમિત્તે આજથી વિશેષ લોક અદાલત સપ્તાહનું આયોજન કરશે.

આકાશવાણી સમાચાર સાથેની વિશેષ મુલાકાતમાં ન્યાયમૂર્તિ કે.વી. વિશ્વનાથને જણાવ્યું હતું કે, આ પહેલનો હેતુ સર્વોચ્ચ અદાલત સમક્ષ અનિર્ણિત કેસનો નિકાલ કરવાનો છે. તેમણે અરજદારોને લોક અદાલતનો લાભ લેવા વિનંતી કરી હતી.

## LS-EMPLOYMENT

શ્રમઅને રોજગાર મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ આજે જણાવ્યું હતું કે દેશમાં નોકરીઓની કોઈ અછત નથી અને વર્તમાન સરકારના નીતિવિષયક પગલાંને કારણે દેશમાં બેરોજગારીનો દર ઘટીને ૩.2 ટકા થયો છે. લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પ્રશ્નોના જવાબ આપતા મંત્રીએ આશા વ્યક્ત કરી કે આગામી વર્ષોમાં બેરોજગારીનો દર ૩ ટકાથી નીચે આવી જશે.

આ વર્ષના કેન્દ્રીય બજેટની પ્રશંસા કરતા ડૉ.માંડવિયાએ કહ્યું કે, પ્રધાનમંત્રીનું પેકેજ પાંચવર્ષના સમયગાળામાં ચાર કરોડથી વધુ યુવાનોને રોજગાર અને કૌશલ્યની તકો પ્રદાન કરશે.તેમણે કહ્યું કે, લક્ષ્ય હાંસલ કરવા માટે બે લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

## IMD KASHMIR WEATHER

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન હિમાચલપ્રદેશ, ઉત્તરાખંડ અને પૂર્વ રાજસ્થાનમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આગામી પાંચ દિવસ દરમિયાન જમ્મુ-કાશ્મીર-લદ્દાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન-મુઝફ્ફરાબાદ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ રાજસ્થાનમાં છૂટાછવાયા વરસાદની આગાહી છે.

દરમિયાન સમગ્ર કાશ્મીર ખીણમાં તીવ્ર ગરમીનાં મોજાં વચ્ચે, જમ્મુ અને કાશ્મીરની ઉનાળુ રાજધાની શ્રીનગરમાં જુલાઈ મહિનાનું તેનું ત્રીજું સૌથી વધુ તાપમાન નોંધાયું છે.

હવામાન વિભાગે જણાવ્યું કે શ્રીનગરમાં ગઈ કાલે 36.2 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, જે મોસમનો અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ છે. શહેરમાં 24.6 ડિગ્રી સેલ્સિયસની સિઝનની સૌથી ગરમ રાત્રિ પણ નોંધાઈ હતી, જે સામાન્ય કરતાં 5.8 ડિગ્રી સેલ્સિયસ વધારે હતી અને છેલ્લા 132 વર્ષમાં ત્રીજા ક્રમનું સૌથી વધુ તાપમાન હતું.

## PARIS OLYMPICS TODAY

પેરિસ ઓલિમ્પિક્સમાં આજે મહિલાઓ માટે 10 મીટર એર રાઇફલની ફાઇનલમાં મેડલ રાઉન્ડ માટે ભારતીય નિશાનેબાજ રમિતા જિન્દાલ સ્પર્ધા કરશે, જ્યારે પુરુષ વિભાગમાં અર્જુન બબુતા ભાગ લેશે.

ભારતીય હોકી ટીમ આર્જેન્ટીના સામે રમશે. બેડમિન્ટનમાં પુરુષ સિંગલ્સની મેચમાં ભારતના લક્ષ્ય સેન બેલ્જિયમના જુલિયેન કારાગ્ગી સામે રમશે. આ ઉપરાંત, તીરંદાજીમાં ક્વાર્ટર ફાઇનલમાં ધીરજ બોમ્માદેવારા, તરુણદીપ રાય, પ્રવીણ રમેશ જાધવની ટીમ રમશે. ટેબલ ટેનિસમાં મહિલા સિંગલ્સના રાઉન્ડમાં શ્રીજા અકુલા રમશે.

## OLYMPICS - BADMINTON

પેરિસ ઓલિમ્પિકમાં, સાત્વિક સાઈરાજ-ચિરાગની ભારતીય જોડીની બેડમિન્ટનના ગ્રુપ સીના બીજા રાઉન્ડની મેચમાં જર્મનીના માર્વિન સીડેલ અને માર્ક લેમ્સફસ સામેની મેચ આજે માર્કની ઘૂંટણની ઈજાને કારણે રદ કરવામાં આવી છે.

વિશ્વ બેડમિંટન પરિસંઘના નિવેદન અનુસાર, માર્ક લેમ્સફસે ઓલિમ્પિક ગેમ્સની બેડમિન્ટન સ્પર્ધામાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. ભારતીય પુરૂષ ડબલ્સ જોડી હવે આવતીકાલે રમાનારી મેચમાં ઈન્ડોનેશિયાની ફાજર આલ્ફિયાન અને મુહમ્મદ રિયાન અર્દિયાંટોની જોડી સામે ટકરાશે. ભારતીય જોડી માટે આ મેચ જીતવી મહત્વપૂર્ણ છે, કારણ કે ક્વાર્ટર ફાઈનલ પહેલા આ તેમની છેલ્લી મેચ છે.